# રાજયમાં ૨૪ કલાકમાં ૧૧૨૦ કેસ : ૨૦નાં મોત

## રાજ્યમાં કુલ ૫૦૫૬૦ ટેસ્ટ કરાયા : છેલ્લા ૨૪ કલાકમાં ૯૫૯ દર્દીઓ સાજા થતા ૭૮.૦૬ ટકા દર પહોંચ્યો : એક્ટિવ કેસની સંખ્યા ૧૪૫૦૦

ગાંધીનગર,તા.૧૬

રાજ્યમાં ૨૪ કલાકમાં કોરોનાના ૫૦૫૬૦ ટેસ્ટ કરવામાં આવતા ૧૧૨૦ પોઝિટિવ કેસ નોંધાયા હતાં. આ સાથે રાજ્યમાં કોરોનાના કુલ સંક્રમિતનો આંકડો ૭૮ હજારને પાર થઈ ૭૮૭૮૩ થયો છે. રાજ્યમાં ૨૪ કલાકમાં કોરોનાને લીધે ૨૦ દર્દીના મોત થયા દર્દી સાજા થતા કુલ ડિસ્ચાર્જનો આંકડો ૬૧ હજારને વટાવી ૬૧૪૯૬ થયો છે. રાજયમાં આજની સ્થિતિએ ૧૪૫૦૦ એક્ટિવ કેસ છે જેમાં ૮૨ વેન્ટીલેટર પર અને ૧૪૪૧૮ સ્ટેબલ છે. રાજયમાં આજે રેકોર્ડબ્રેક ૧૧૨૦ કેસ નોંધાયા હતા. રાજ્યમાં છેલ્લા સપ્તાહથી સરેરાશ ૫૦ હજાર ટેસ્ટ કોરોનાના કરવામાં આવી રહ્યા છે. દર બે દિવસે એક લાખ કેસનો ઉમેરો થતા આજે કુલ ટેસ્ટની સંખ્યા ૧૩ લાખ ૧૨ હજાર ૮૨૪ થયા છે. આરોગ્ય વિભાગની યાદી મુજબ રાજ્યમાં આજે કોવિડ-૧૯ના કારણે ૨૦ મોત નોંધાયા હતા. જેમાં અમદાવાદ કોર્પોરેશન, સુરત કોર્પોરેશન અને જિલ્લામાં ૪-૪, ભાવનગર અને મોરબી ૨-૨, ગીર સોમનાથ, કચ્છ, પાટણ અને વડોદરા કોર્પોરેશનમાં ૧-૧ મોત નોંધાયા હતા. અમદાવાદ શહેરમાં ૧૪૯ અને જિલ્લામાં ૧૫ અને જિલ્લામાં ૧૫ સાથે કુલ ૧૬૪ કેસ કોરોનાના નોંધાતા કુલ સંક્રમિતનો આંકડો ૨૯ હજારને પાર થઈ ૨૯૦૦૪ થયો. આજે વધુ ૪ મોત નોંધાતા કુલ મૃત્યુઆંક ૧૬૫૯ થયો છે. સુરત શહેરમાં ૧૫૯ અને જિલ્લામાં ૬૯ સાથે કુલ ૨૨૮ કોરોનાના કેસ નોંધાતા કુલ કોરોના સંક્રમિતનો આંકડો ૧૬૯૧૪ થયો છે. આજે વધુ ૮ મોત કોરોનાને લીધે થતા ૫૫૭ કુલ મૃત્યુઆંક થયો છે. વડોદરા શહેરમાં ૯૯ અને જિલ્લામાં ૯ સાથે કુલ ૧૦૮ કેસ કોરોનાના નોંધાયા છે. આ સાથે કુલ સંક્રમિતનો આંકડો ૩૮૨ થયો છે. આજે વધુ ૧ મોત સાથે કુલ મૃત્યુઆંક ૧૧૧ થયો છે. રાજકોટ શહેરમાં ૬૫ અને જિલ્લામાં ૩૪ સાથે કુલ ૯૯ કેસ કોરોનાના નોંધાયા છે. આ સાથે કુલ કોરોના સંક્રમિતનો આંકડો ૩૨૭૨ થયો છે. ગાંધીનગર શહેરમાં ૧૦ અને જિલ્લામાં ૧૯ સાથે કુલ ૨૯ કેસ નોંધાયા છે.

# માણેકપુરમાં ચાલતા જુગારધામ પર એલસીબી-૨ નો સપાટો

### ૨,૨૯,૭૫૦ના મુદ્દામાલ સાથે ૭ જુગારી ઝડપાયા

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના માણેકપુર ગામે ચાલતું જુગારધામ ઝડપાયું છે. એલસીબી-૨ એ રેઈડ પાડી ૭ જુગારીઓને ૫૩,૨૫૦ રોકડા તેમજ મોબાઈલ ફોન અને ગાડી મળી કુલ રૂ.૨,૨૯,૭૫૦ મુદ્દામાલ સાથે પકડી પાડી જુગારધારા હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.



મળતી માહિતી મુજબ એલસીબી-૨ પીઆઈ એચ.પી.ઝાલાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ પી.ડી.વાઘેલા તેમજ ટીમના સભ્યો કાર્યરત હતા. તે સમયે સાથે રહેલા જિતેન્દ્રસિંહને ખાનગી રાહે બાતમી મળી હતી કે માણેકપુર ગામની સીમમાં નારણભાઈ રણછોડભાઈ પટેલના બોરકુવાની ઓરડી નજીક ખુલ્લી જગ્યામાં જુગાર રમાય છે. જેને પગલે પોલીસે સ્થળ પર જઈને રેઈડ પાડીને જુગાર રમી રહેલા ધર્મેન્દ્રસિંહ રતનસિંહ વાઘેલા રહે. દરબાર માઢ માણેકપુર, ગોવિંદ પોપટજી સોલંકી રહે. જોગણીમાતાના મંદિર સામે સોલંકી વાસ, સતિષ મોહન પટેલ રહે. ઈ .૫૦૧ રાધે ગોવિંદ નવા નરોડા સેલ્બી હોસ્પિટલ પાછળ, રમેશ સોમસિંહ રાઠોડ, રહે. મ.નં.૨-૪ ચિમનલાલ ઘાંચીની ચાલી ન્યું સીવીલ અસારવા, નરેશ માણાજી ઠાકોર રહે. મ.નં.૫ દાદાહરીની વાવની સામે રામજી મંદિરની ચાલી અસારવા, રૂદ્રેશ રમેશભાઈ ઉપાધ્યાય રહે. બી-૩ સત્યમ સોસાયટી વડોદરા, દિપકસિંહ કાનાજી વિહોલ રહે. બી-૨૦૩ મહાવીર હિલ્સ પાંડવવાડી કોબાનો સમાવેશ થાય છે. પોલીસે જુગારીઓ પાસેથી રોકડ રૂ. ૫૩,૨૫૦, તેમજ ૨૬,૫૦૦ના ૭ નંગ મોબાઈલ અને ઈકો ગાડી મળીને કુલ રૂ. ૨૨૨૨,૨૯,૭૫૦ નો મુદ્દામાલ કબ્જે કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.



**પાલજથી વોન્ટેડ આરોપીને એલસીબી પોલીસે ૭૦ બોટલ સાથે ઝડપી પાડ્યો**

કોલવડા ગામે જાનથી મારી નાંખવાની કોશિશના ગુનામાં વોન્ટેડ વિશાલ રાવળને પાલજ ગામના રાજપૂત વાસ ખાતે ભાડાના મકાનમાંથી ઝડપી પાડ્યો હતો. એલસીબી પોલીસે ઘરમાં તપાસ કરતા બે પ્લાસ્ટીકના પીપમાંથી વિદેશી દારુની ૭૦ બોટલ મળી આવી હતી. પોલીસે રૂ.૩૦,૨૪૦ ની ૭૦ બોટલ દારુ અને રૂ. ૯૮૦૦ રોકડા, રૂ.૫૦૦ નો મોબાઈલ ફોન મળી કુલ રૂ.૪૦,૯૪૦નો મુદ્દામાલ કબ્જે કરી એલસીબી પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

## વાસણા ચૌધરી ગામ તરફ જતા માર્ગ પરથી ડફેર ઝડપાયો

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર એસઓજી પોલીસ મથકના પીઆઈ ડી.બી.વાળા ના માર્ગદર્શન હેઠળ ટીમના પીએસઆઈ આર.બી.



પરમાર, હેકો. દેવેન્દ્રસિંહ, પોકો.જયરાજસિંહ, સુરેન્દ્રસિંહ, જગતસિંહ, રાજેન્દ્રસિંહ, અને વિજયકુમાર ચિલોડા વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે સમયે પો.કો.રાજેન્દ્રસિંહને ખાનગી રાહે બાતમી મળી હતી કે ગીયોડ ગામની સીમમાં વાસણા ચૌધરી ગામ તરફ જતા માર્ગ પર એક ડફેર રોઝડાનો શિકાર કરવા ગેરકાયદેસર બંદુક સાથે ફરે છે. જેને પગલે એસઓજી પોલીસે જગ્યા પર જઈને તપાસ કરતા દેશી બનાવટની બંદુક સાથે અલ્તાફ અલાઉદીન સિંધી (ડફેર) (રહે.ખત્રીકુવાના છાપરામાં વિજાપુર જી. મહેસાણા)ને પકડી પાડી ચિલોડા પોલીસ મથકે આર્મસ એકટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ શરુ કરી છે.

## બાયડમાં મંડપ એસોસિએશન દ્વારા ૨૦૦૦ માસ્કનું વિતરણ કરાયું

બાયડ, તા. ૧૬

બાયડ તાલુકામાં આજરોજ કોરોનાની મહામારી ચાલી રહી છે જેમાં મંડપ એસોસિએશન તરફથી આજરોજ અંદાજે ૨૦૦૦ માસ્કનું વિતરણ કર્યુ, તેમાં કારોબારી સભ્ય, પ્રમુખ, ઉપપ્રમુખ તથા બધા જ સભ્ય હાજર રહીને મફત માસ્કનું વિતરણ કર્યું હતું.



**ગાંધીનગર જિલ્લા પંચાયત ખાતે ધ્વજવંદનની ઉજવણી**

શહેરના ચ-રોડ પર સેક્ટર-૧૭ ખાતે ગાંધીનગર જિલ્લા પંચાયત કચેરી ખાતે ૭૪ માં સ્વાતંત્ર્ય દિને જિલ્લા પ્રમુખ મંગુબેન ચૌધરીના હસ્તે ધ્વજવંદન યોજાયું હતું.

# એક મંદિર એક પૂજારીની વ્યથા... મારા ભગવાન ક્યાં ગયા...? : ભૂપેન્દ્રસિંહ ચુડાસમા

### આકાશવાણી થઈ... હે પૂજારી! મને જોવો હોય તો હું હોસ્પિટલોમાં ડોક્ટર, નર્સ,ના સ્વરૂપમાં જોવા મળીશ

આણંદ ખાતે સ્વાતંત્ર પર્વ ઉજવણી દરમિયાન ધ્વજવંદન બાદ રાજયના શિક્ષણમંત્રી શ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ પોતાના પ્રવચનમાં એક પૂજારી અને તેની



વ્યથાની એક સુંદર અને કોરોના સમય માટે અસરકારક વાત કરી હતી, જેણે અહીં સૌને ભાવુક કર્યા હતા.

ખૂબ જ રસપ્રદ અને સાંભળવી ગમે એવી અસરકારક વાત હતી. આજના કોરોના સંક્રમણ વચ્ચે લોકોને બચાવવા ડોકટરો, નર્સ અને સ્ટાફ તેમજ તમમામ સરકારી કર્મચારી જે રીતે દર્દીઓને બચાવવા કામે લાગ્યા છે અને જયારે દર્દી સ્વાસ્થ થઈ બહાર આવે ત્યારે તે અચૂક કહે ડોકટરો મારા માટે ભગવાન છે. તેઓએ મને બચાવી લીધો.

શિક્ષણમંત્રીશ્રી એ કરેલી વાત એક પૂજારી નિયમિત એક મંદિર માં બધાજ ભગવાન ની વિધિસર પૂજા કરતા હતા. એવામાં લોકડાઉનનો પ્રારંભ થયો. પૂજારી મંદિરમાં ગયા અને જોયું તો મંદિરમાંના બધા જ ભગવાનની મૂર્તિઓ ગાયબ હતી.

પૂજારી મુંજાયા મારા બધાજ ભગવાન ક્યાં ગયા? આમ તો પૂજારી રોજ નિયમિત પૂજા કરે, ફૂલો ચડાવે, આરતી કરે. બધું જ વ્યવસ્થિત, નિત્ય ક્રમ ચાલતો હતો અને આજે મારા ભગવાન અચાનક ક્યાં ગયા!

પૂજારીની આંખમાં આંસુ આવ્યા. રડતી આંખે પ્રાર્થના કરવા લાગ્યો, ત્યારે એકાએક આકાશવાણી થઈ.

હે પૂજારી! તું મને મંદિરમાં શોધે છે! મને જોવા હોય તો તું અત્યારે હોસ્પિટલમાં સેવા આપતા ડોક્ટરના સ્વરૂપમાં જોઈ શકે છે. નર્સ ,વોર્ડ બોય, સફાઈ કામદાર, કલેક્ટર, ડી.એસ.પી, ડી.ડી.ઓ. સહિત તમામ કર્મયોગીઓ જે કોરોના મહામારીના સંક્રમિત થયેલા દર્દીઓની સારવારમાં જે સરકારી કર્મચારીઓ, અધિકારીઓ લાગ્યા છે, તે તમામના સ્વરૂપ માં હું છું. એટલે હું તને મંદિરમાં જોવા નહીં મળું.

પૂજારીજીને પણ સંતોષ થયો અને આકાશવાણીના પ્રત્યુત્તરમાં કહ્યું કે હે મારા ભગવાન, આપ જ્યાં છો, જે સ્વરૂપમાં છો તે બરોબર છે. મારા મંદિર કરતા સારવારના મંદિરોમાં આપની વધારે જરૂર છે.

## સેકટર-૧૧ ખાતેથી બાઈકની ઉઠાંતરી

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર શહેરમાં વાહન ચોરી કરતી ગેંગ સક્રિય થઈ હોય તેમ લાગી રહ્યું છે. શહેરના ધમધમતા વિસ્તારમાંથી ધોળે દિવસે ગણતરીની મિનિટોમાં સીસીટીવી કેમેરાની નજર હોવા છતા ચોર ઈસમો બાઈક ચોરીને અંજામ આપી રહ્યા છે. બાઈક ચોરી કરતી ગેંગને પોલીસનો ડર રહ્યો ના હોય તેમ લાગી રહ્યું છે. તાજેતરમાં સેકટર-૨૪ માંથી બાઈકની ઉઠાંતરી થવા પામી હતી. ત્યારબાદ સેકટર-૧૧ ફોનવાલે દુકાન આગળથી બાઈકની ચોરીની ઘટના સામે આવી છે. મળતી માહિતી મુજબ કોલવડા ગામ ખાતે રહેતો યુવક જી.જે.૧૮.ડી.એ.-૬૩૫૭ સીટી-૧૦૦ બાઈક લઈને યુવક નોકરી પર આવ્યો હતો. નોકરીનો પ્રથમ દિવસ પુરો કરીને ઘરે જવા માટે નીકળેલા યુવકે જોયુ તો બાઈક ગાયબ હતું. બાઈક માટે યુવકે આસપાસના વિસ્તારમાં તપાસ કરી હતી પરંતુ બાઈક મળી આવ્યું ન હતું. જેને પગલે યુવકે સેકટર-૭ પોલીસ મથકે ગુનો નોંધાવતા પોલીસે સીસીટીવી ફુટેજને પગલે તપાસ શરુ કરી છે.

## ડીસામાં સ્કોર્પિયો ગાડી વહેલી સવારે ઝાડ સાથે અથડાતા એકનું મોત

ડીસાના ગોગાડેરીથી ઝેરડા વચ્ચે સ્કોર્પિયો ગાડી આગળ ગાય આવી જતાં સ્કોર્પિયો ગાડી ઝાડ સાથે અથડાતા અકસ્માત સર્જાયો હતો.જેમાં એક નું મોત થયું હતું. જ્યારે એક ઘાયલ થતા સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. સુરેશકુમાર ઉર્ફે વરજંગારામ લછાજી રબારી પોતાની નંબર વગરની સ્કોર્પિયો ગાડી લઈને સવારે સાડા પાંચેક વાગે ડીસાથી ઝેરડા તરફ પુરઝડપે આવી રહયા હતા. રસ્તામાં સ્કોર્પિયો ગાડી આગળ ગાય વચ્ચે આવી જતા સ્કોર્પિયો ગાડીચાલક સુરેશકુમાર રબારીએ સ્ટેરીગ પરથી કાબુ ગુમાવતા સ્કોર્પિયો ગાડી એક ઝાડ સાથે અથડાતા અકસ્માત સર્જાયો હતો. ગાડીમાં સવાર સુરેશકુમાર રબારી તેમજ પવનકુમાર ગાયણા ગંભીર રીતે ઘાયલ થયા હતા.

## વધુ ૧૯ કેસ

**● અનુસંધાન છેલ્લાનું ચાલુ**

મળતી વિગતો પ્રમાણે ખરણા ગામેથી એક ૨૪ વર્ષીય યુવાનનો, પારસામાંથી ૬૫ વર્ષીય મહિલાનો અને પ્રતાપનગરમાંથી ૫૦ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે આજે વધુ ૧૭ દર્દીઓ રિકવર થતાં તેમને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે જિલ્લામાં નોંધાયેલા કેસો પૈકી ૧૧૩૯ દર્દીઓ રિકવર થઈ જતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

હાલ જિલ્લામાં ૧૫૯ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જિલ્લામાં આજે ૧૭,૨૪૨ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવ્યા છે. જિલ્લામાં કોરોના સંક્રમણને નિયંત્રિત કરવા માટે અસરકારક મોનીટરીંગ અને ટેસ્ટીંગ તેમજ સોશિયલ ડિસ્ટન્સીંગના પાલન માટે આકરા પગલાં લેવા માટે તંત્રએ મન બનાવી લીધુ છે.

## સાસુ-વહુ

**● અનુસંધાન છેલ્લાનું ચાલુ**

સેવાઓ આપે છે. સાસુ-વહુને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

તંત્રએ આ સાસુ-વહુના પરિવારના ૩ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કરી દીધા છે.

સે. ૫ માંથી આજે ત્રણ કેસ મળી આવ્યા છે જેમાં એક મહિલા અને બે પુરૂષ દર્દીનો સમાવેશ થાય છે.

મળતી વિગતો પ્રમાણે સે. ૫ માંથી એક ૬૦ વર્ષીય દંપત્તિનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દંપત્તિને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. તંત્રએ દંપત્તિના પરિવારના પાંચ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કરી દીધા છે.

આ ઉપરાંત પોસ્ટમાં એજન્ટ તરીકે કામ કરતા એક ૪૫ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પણ પોઝીટીવ આવ્યો છે. સે. ૫ માં રહેતા આ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આ દર્દીના પરિવારના ૩ સભ્યોને તંત્રએ હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

સે. ૨૧ માંથી એક ૫૭ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ગૃહીણીને સારવાર માટે આસ્કા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. તંત્રએ ગૃહીણીના પરિવારના ૪ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

સે. ૧૯ માં રહેતી અને અભ્યાસ કરતી એક ૨૭ વર્ષીય યુવતીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ યુવતીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. યુવતીના પરિવારના ૩ જણાને હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે.

સે. ૨૪ માંથી એક શ્રમિકનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ૪૨ વર્ષીય આ શ્રમિકને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. તંત્રએ આ દર્દીના પરિવારના પાંચ સભ્યોને ક્વોરોન્ટાઈન કર્યા છે.

કલોલ તાલુકાના છત્રાલ ખાતે વાણિજ્ય ક્ષેત્ર સાથે સંકળાયેલ અને સે. ૩ માં રહેતા એક ૫૮ વર્ષીય વેપારીનો રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ વેપારીને સારવાર માટે આશ્કા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. તંત્રએ વેપારીના પરિવારના પાંચ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

સે. ૮ માંથી એક ૬૩ વર્ષીય નિવૃત્તનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. તંત્રએ આ નિવૃત્ત કર્મયોગીના પરિવારના ૩ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

શહેરમાં વધતા જતા કેસોએ તંત્રની ચિંતા વધારી છે. જો કે રિકવરી રેટ સારો હોવાથી તંત્રને થોડીક રાહત જરૂર છે. જોકે શહેરમાં હાલ ૩૮ જેટલા દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે. ૧૧૦ થી વધુ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે હાલ શહેરમાં સારવાર હેઠળ હોવાનું તંત્રના સૂત્રોએ સ્વીકાર્યુ છે.

## માસ્ક વગર

**● અનુસંધાન છેલ્લાનું ચાલુ**

આ સંજોગોમાં રિક્ષાચાલકો, ટેક્સી, કેબ ડ્રાઈવર સરકારી અને ખાનગી વાહનચાલકોએ અને મુસાફરો ફરજિયાત માસ્ક પહેરીને રાખવું પડશે. હવેથી જે કોઈ મુસાફર માસ્ક વગર મુસાફરી કરશે તો વાહનચાલક અને મુસાફર બંનેને દંડ ફટકારવામાં આવશે. અનલોક-૩ની ગાઈડલાઈન જાહેર થયા બાદ ગુજરાતમાં નાના મોટા શોપિગ મોલ્સ અને સ્ટોર્સમાં પણ ખરીદીનું પ્રમાણ વધી રહ્યું છે. મોલ્સ અને સ્ટોર્સમાં એરકંડીશન હોવાને કારણે કોરોનાનું સંક્રમણ ફેલાવાનો ખતરો વધી જાય છે. હાઈકોર્ટના નિર્દેશન મુજબ શોપિંગ મોલ તથા સ્ટોર્સમાં પ્રવેશ કરતા તમામ ગ્રાહકોએ માસ્ક ફરજિયાત પહેરવાનું રહેશે. આ માટે જરૂરી પગલાં લેવાય તેની તકેદારી મોલ, સ્ટોર્સના મેનેજર અને માલિકે લેવાની રહેશે. જો કોઈ વ્યકિત માસ્ક વગર પ્રવેશ કરે તો તે વ્યક્તિ તથા મોલ મેનેજર પાસેથી દંડ વસૂલાત ઉપરાંત કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

## ત્રણ વેક્સિન

**● અનુસંધાન પહેલાનું ચાલુ**

કેડેટ્સને વિશેષ તાલીમ આપવામાં આવશે. આમાં પણ લગભગ ત્રીજા ભાગની દીકરીઓને આ વિશેષ તાલીમ આપવામાં આવશે. વડાપ્રધાન મોદીએ કહ્યું કે, આગામી ૧૦૦૦ દિવસમાં લક્ષદ્વીપ સબમરીન ઓપ્ટિકલ ફાઈબર કેબલથી પણ જોડાઈ જશે. તેમણે કહ્યું કે આપણા દેશમાં ૧૩૦૦થી વધુ ટાપુઓ છે. દેશના વિકાસમાં તેમના ભૌગોલિક સ્થાન, તેમના મહત્વને ધ્યાનમાં રાખીને આમાંથી કેટલાક પસંદ કરેલા ટાપુઓ પર વિકાસની નવી યોજનાઓ શરૂ કરવાનું કામ ચાલી રહ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઈન્ટરનેટ સુવિધા આપવા માટે દેશના દરેક ગામોને ઓપ્ટિકલ ફાઈબરથી જોડવાની જાહેરાત કરી હતી. તેમણે કહ્યું કે આ લક્ષ્ય આગામી હજાર દિવસમાં પૂરા થશે. ૨૦૧૪પહેલાં દેશમાં ફક્ત ૫ ડઝન પંચાયતો ઓપ્ટિકલ ફાઈબરથી જોડાયેલી હતી. છેલ્લા પાંચ વર્ષમાં દેશમાં ૧.૫ લાખ ગ્રામ પંચાયતોને ઓપ્ટિકલ ફાઈબરથી જોડવામાં આવી છે. વડાપ્રધાન મોદીએ પ્રોજેક્ટ લાયન અને ડોલ્ફિનની ઘોષણા કરી. તેમણે કહ્યું કે ભારત તેની જૈવવિવિધતાના રક્ષણ અને સંવર્ધન માટે સંપૂર્ણ સંવેદનશીલ છે. ભૂતકાળમાં દેશમાં સિંહ અને વાઘની વસ્તી ઝડપથી વધી રહી છે. હવે દેશમાં આપણા એશિયન સિંહો માટે એક પ્રોજેક્ટ પણ શરૂ થવા જઈ રહ્યો છે. ત્યારે બીજી તરફ તેમણે ડોલ્ફિન્સના સંરક્ષણ માટે પ્રોજેક્ટ ચલાવવા પર ભાર મૂક્યો છે. મોદીએ કહ્યું કે, સમગ્ર દેશને મલ્ટિ-મોડલ કનેક્ટિવિટી ઈન્ફ્રાસ્ટ્રક્ચર સાથે જોડવા માટે ખૂબ મોટી યોજના તૈયાર કરવામાં આવી છે. જેના માટે દેશઆ ૧૦૦ લાખ કરોડ રૂપિયાથી વધુના ખર્ચ તરફ આગળ વધી રહ્યો છે. જુદા જુદા ક્ષેત્રના લગભગ ૭ હજાર પ્રોજેક્ટ્સની પણ ઓળખ કરવામાં આવી છે. જે એક રીતે ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં નવી ક્રાંતિ જેવું હશે. વડાપ્રધાન મોદીએ પાડોશીઓ સાથેના સંબંધોને મજબૂત અને વિસ્તૃત કરવા પર ભાર મૂક્યો હતો. તેમણે કહ્યું કે અમારા પાડોશી દેશો સાથે ભલે તેઓ જમીનથી અથવા સમુદ્રથી અમારી સાથે જોડાયેલા હોય, અમે અમારા સંબંધોને સુરક્ષા, વિકાસ અને ટ્રસ્ટ શેરિંગ સાથે જોડી રહ્યા છીએ. આજે પાડોશીઓ ફક્ત તે જ નથી જેની સાથે અમારી ભૌગોલિક સીમાઓ મળે છે, પરંતુ તેઓ પણ છે જેમની સાથે હૃદય મળતા હોય છે. વડાપ્રધાન મોદીએ સ્વતંત્રતા દિવસ નિમિત્તે શહેરોમાંથી પ્રદૂષણ દૂર કરવાની યોજના અંગે પણ ચર્ચા કરી હતી. તેમણે કહ્યું કે દેશના ૧૦૦ પસંદ કરેલા શહેરોમાં પ્રદૂષણ ઘટાડવા માટે સર્વગ્રાહી અભિગમ સાથે વિશેષ અભિયાન પર પણ કામ ચાલી રહ્યું છે.

## આઈડી પરથી

**● અનુસંધાન પહેલાનું ચાલુ**

જો કોઈ વ્યક્તિ કોઈ પણ રીતે કેશ ટ્રાન્સફર સ્કિમનુ લાભ લેવા માંગતો હશે તો તેને પોતાની હેલ્થ આઈડીને આધાર કાર્ડ સાથે લિંક કરવુ પડશે.

**ડિજી ડોક્ટર**

આ પ્લેટફોર્મની રીતે દેશના દરેક ડૉક્ટરને અલગ ઓળખ કાર્ડ આપવામા આવશે. આ નંબર રજિસ્ટ્રેશન નંબરથી અલગ હશે. રજિસ્ટ્રેશન નંબર રાષ્ટ્રીય ચિકિત્સા પરિષદની તરફથી દરેક ડૉક્ટરને આપવામા આવશે. ડૉક્ટરને ડિજિટલ હસ્તાક્ષર આપવામા આવશે. જેની મદદથી તેઓ દરેક દર્દીનુ પ્રિસ્ક્રિપ્શન લખવામા આવશે.

**સ્વાસ્થ્ય સુવિધા ઓળખ કાર્ડ**

ડૉક્ટર અને દર્દીની રીતે જ દરેક સ્વાસ્થ્ય સુવિધા જે એક અલગ ઈલેકટ્રોનિક્સ ઓળખ આપવામા આવશે. એ નક્કી કરશે કે બધી સુવિધાઓ ઉપયુક્ત રીતે મેપ કરેલી છે અને તેના કાર્ડના આધારે પોતાના બધા ક્લિયરન્સ અને ઓડિટનો ઉપયોગ કરશે.

અત્યારના સમયમા ભારતમા હોસ્પિટલ ખોલવુ અઘરૂ છે. એવુ એ રીતે કેમકે વિવિધ આવશ્યકતા માટે અલગ-અલગ એજન્સીઓના ક્લિયરન્સ અને રજિસ્ટ્રેશનની જરૂર પડે છે. નેશનલ ડિજિટલ હેલ્થ મિશન હેઠળ દરેક નાગરિકને એક સમાન સુવિધા મળશે.

**અંગત સ્વાસ્થ્ય રેકોર્ડસ**

આ અંગત રેકોર્ડસમા નાગરિકોની તમામ સ્વાસ્થ્ય સંબંધિત જાણકારીઓ સામેલ હશે. જે જન્મથી લઈને પ્રતિરક્ષા, સર્જરી, લેબ ટેસ્ટ સુધીની જાણકારી હશે. જેને દરેક નાગરિકના હેલ્થ આઈડી સાથે લિંક કરવામા આવશે. જેને અંગત હેલ્થ રેકોર્ડ એટલે કહેવામા આવશે કારણકે તેનો ડેટાનુ જાણકારી તે વ્યક્તિ પાસે જ રહેશે. એ રેકોર્ડ માટે એક કન્સેટ મેનેજરનુ કામ કરશે. જેના હેઠળ જો કોઈ ડોક્ટર પણ ડેટા કે દર્દીની રિપોર્ટ જોવા માગશે અને તે વ્યક્તિ પાસે સંદેશ મળશે કે ડૉક્ટર રિપોર્ટ જોવા માગે છે અને તે કેટલા સમય સુધી એ જોશે.

## ચેતન ચૌહાણ

**● અનુસંધાન પહેલાનું ચાલુ**

આદિત્યનાથે ચૌહાણના નિધન પર ટ્વીટર પર શોક વ્યક્ત કર્યો છે. ઉલ્લેખનીય છે કે ચૌહાણ એક સમયે ભારતીય ક્રિકેટ ટીમના ઓપનર બેસ્ટમેન હતા. તેમણે કારકિર્દીમાં ૪૦ ટેસ્ટ મેચ રમી હતી. ઉપરાંત, સાત વન ડે મેચમાં તેમણે ભારતીય ટીમનું સુકાનીપદ પણ સંભાળ્યું હતું. ટેસ્ટ મેચમાં તેમના નામે ૨૦૮૪ રન નોંધાયેલા છે. તેમનો હાઈએસ્ટ સ્કોર ૯૭ હતો. ક્રિકેટ પછી તેઓ રાજકારણમાં આવ્યા હતા. તેઓ ભાજપના સાંસદ પણ રહ્યા હતા. ૧૯૯૧ અને ૧૯૯૮ વચ્ચે તેઓ ભાજપના સાંસદ રહ્યા હતા. હાલમાં તેઓ યુપીમાં યોગી સરકારમાં હોમગાર્ડ વિભાગના મંત્રી હતા.

## નિવૃત્તિ

**● અનુસંધાન પહેલાનું ચાલુ**

લખ્યું હતું કે સમગ્ર કારકિર્દી દરમિયાન તમારા પ્રેમ અને સહકાર માટે આભાર. રાત્રે ૭.૨૯થી મારી નિવૃત્તિ ગણી લેવી. ધોની ભારતનો સૌથી સફળ સુકાની રહ્યો છે અને તેણે ભારતને ૨૦૦૭મા ટીર૦ વર્લ્ડ કપ અને ૨૦૧૧મા વન-ડે વર્લ્ડ કપ જીતાડ્યો છે. શનિવારે તેણે નિવૃત્તિ લેતા જ તેના ૧૫ વર્ષની સુવર્ણ આંતરરાષ્ટ્રીય કારકિર્દી પર પૂર્ણવિરામ મૂકાયું છે. ધોનીએ ડિસેમ્બર ૨૦૧૪મા ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિ લીધી હતી. ઝારખંડથી આવેલો ધોની પોતાની અદ્દભુત કેપ્ટનશિપ અને શાદનાર બેટિંગથી ક્રિકેટ જગત પર છવાઈ ગયો હતો. તે ભારતીય ક્રિકેટનો સૌથી સફળ સુકાની રહ્યો છે. તેણે ભારતને બે વર્લ્ડ કપ જીતાડ્યા છે. ૨૦૦૭ના પ્રથમ ટીર૦ વર્લ્ડ કપમાં ભારતીય ટીમની કેપ્ટનશિપ ધોની જેવા બિનઅનુભવીને સોંપવામાં આવી હતી. પરંતુ આ ટુર્નામેન્ટ દ્વારા તેણે દેખાડી દીધું કે તે એક દિવસ વિશ્વના સૌથી સફળ સુકાનીઓમાં સામેલ થશે. ફાઈનલમાં પાકિસ્તાન જેવી કટ્ટર હરીફ ટીમ સામે અત્યંત દિલધડક ક્ષણોમાં અત્યંત ધીરજપૂર્વક કામ લઈને તેણે ટીમને ચેમ્પિયન બનાવી હતી. ટીર૦ વર્લ્ડ કપ જીત્યાના ચાર વર્ષ બાદ ૨૦૧૧ની બીજી એપ્રિલને ધોનીએ યાદગાર બનાવી દીધી. મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં શ્રીલંકા સામે રમાયેલી વર્લ્ડ કપની ફાઈનલમાં ધોનીએ અણનમ ૯૧ રન ફટકાર્યા હતા.

વિજય સિક્સર ફટકારીને ધોનીએ ભારતને વન-ડે વર્લ્ડ કપ જીતાડ્યો હતો. આમ ધોનીએ ભારતને બે વર્લ્ડ કપ અપાવ્યા છે. ધોનીએ ડિસેમ્બર ૨૦૦૪મા વન-ડે ક્રિકેટ ટીમમાં પદાર્પણ કર્યું હતું પરંતુ શરૂઆતની વન-ડેમાં તેનું પ્રદર્શન નિરાશાજનક રહ્યું હતું. જોકે, ૨૦૦૫ની ૫ એપ્રિલે વિશાખાપટ્ટનમ ખાતે રમાયેલી પાંચમી વન-ડેમાં ધોનીએ પોતાનો વિસ્ફોટક અંદાજ દેખાડી દીધો હતો. તેણે ૧૪૮ રનની ધમાકેદાર ઈનિંગ્સ રમી હતી. ત્યારબાદ તેણ પાછુ વળીને જોયું નથી.